| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૬/૦૭/૨૦૨૦ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૧૭૮/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૭૩૨ | ૨ | ૯૭૩૪ | ૧૫૭૮૮ | ૨ | ૧૫૭૯૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૮૪ | ૦ | ૪૨૮૪ | ૫૮૦૦ | ૦ | ૫૮૦૦ |
| ૫૪૮૦૦ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૧૮૮૯ | ૧૭૩ | ૧૨૦૬૨ | ૧૨૪૧૫ | ૧૫૨ | ૧૨૫૬૭ |
| કુલ | | ૨૫૯૪૮ | ૧૭૫ | ૨૬૧૨૩ | ૩૪૨૦૬ | ૧૫૪ | ૩૪૩૬૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૯ | ૮,૨૩,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૮૫૭ | ૭,૭૧,૪૦૦/- |

# આર્મ્સ એકટના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :-

## ગેરકાયદેસર હથીયાર પીસ્ટલ સાથે બે ઈસમોને જડપી પાડતી રામોલ પોલીસ પીસ્ટલ કીમત રૂપીયા ૫૦૦૦૦/- તથા મોબાઈલ ફોન કીમત રૂપીયા ૨૦૦૦૦/- મળી કુલ્લે કીમત રૂપીયા ૭૦૦૦૦/- ના મુદ્દામાલ સાથે બે ઈસમો ઝડપાયા

પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તારીખ:-૧૫/૦૭/૨૦૨૦ ના રોજ પો.સ.ઈ બી.બી.સોલંકી તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.સ.ઈ બી.બી.સોલંકી નાઓને બાતમી હકીકત મળેલ કે ગાયત્રી મંદીરની બાજુમાં મણીલાલ મુખી એસ્ટેટ શેડ નં.૧ ખાતે દેવેન્દ્ર એન્જીનીયરીંગ નામના કારખાનાના માલીક દેવેન્દ્રભાઈ કાન્તીભાઈ પટેલ નાઓ પોતાની પાસે વગર લાઈસને ગેરકાયદેસર પિસ્તોલ જેવુ હથીયાર લાવી હાલ હથીયાર તેઓના ઉપરોક્ત કારખાનામાં છુપાવેલ છે જે બાતમી હકીકત આધારે સદરી જગ્યાએ પંચો સાથે તપાસ કરતા આરોપી દેવેન્દ્રભાઈ કાન્તીભાઈ પટેલ ઉવ:૪૦ રહે:૩ મીનાક્ષી પાર્ક સોસાયટી વન્ડર પોઈન્ટ સામે અમરાઈવાડી અમદાવાદ શહેર ને પોતાના કારખાનામાં છુપાવેલ વગર લાઈસન્સની ગેરકાયદેસર પીસ્ટલ નંગ:૦૧ કીમત રૂપીયા ૫૦૦૦૦/- તથા મોબાઈલ ફોન મળી કુલ્લે કીમત રૂપીયા ૭૦૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી સદર પીસ્ટલ લાવી આપનાર અરૂણકુમાર સીયાશરણપ્રસાદ ચોરસીયા ઉવ:૪૨ રહે:કે.બી એન્જીન્યરીંગ બીહીમ કંપાઉન્ડ સુરેલીયા શાક માર્કેટ પાસે રામોલ અમદાવાદ શહેર મુળવતન ગામ:સેકુચીસરાહી થાના:ગીરીયક જી:નાલંદા બીહાર નાઓને પકડી બન્ને ઈસમો વિરૂધ્ધ ધી આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧-બી)એ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી રામોલ પોલીસ સ્ટેશન ખાતે સારી કામગીરી કરેલ છે.



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

**ઇસનપુર પોલીસ સ્ટેશનઃ-**

## ઇસનપુર ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૯૨/૨૦૧૯ ઇ.પી.કો કલમ૪૯૮(ક),૩૨૩,૨૯૪ (ખ),૫૦૬(૨) ,૧૧૪ મુજબના ગુનામા છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમીથી ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૯૨/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૪૯૮(ક),૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબના કામના નાસતા-ફરતા આરોપી હરેશભાઇ કાંતીભાઇ વાળા ઉ.વ ૪૨ રહે,મ.નં બી/૩ સહજાનંદ સોસાયટી એક્ષ્પ્રેસ હાઇવેની બાજુમા સી.ટી.એમ અમદાવાદ શહેર હાલ રહે,બ્લોક નં સી-૨/૧૦ નવરત્ન એપાર્ટમેન્ટ બાગે ફીરદોશ વોર્ડ ઓફીસની બાજુમા સી.ટી.એમ અમદાવાદ શહેર નાને આવકાર હોલ ચાર રસ્તા પાસેથી આજરોજ તા ૧૫/૦૭/૨૦૨૦ ના કલાક ૧૦/૩૦ વાગે પકડી પાડવામા આવેલ છે તા.૧૫/૦૭/૨૦૨૦

## નારોલ પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશન ગુનાના કામે છેલ્લા એક વર્ષથી પોલીસ પકડથી ભાગતા ફરતા અટક કરવાના બાકી આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.આશિષ ભાટીયા સાહેબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા નિપુણા તોરવણે સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા બિપિન આહિરે સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મિલાપ પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબની સુચના આધારે પ્રોહીબીશનના ગુના અટકાવવા સારૂ અને બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ અને ગુનાના કામે પકડવાના બાકી આરોપીઓને પકડી પાડવા સારૂ જરૂરી સુચનાઓ કરેલ જે આધારે અત્રેના નારોલ પોલીસ સ્ટેશનમાં પ્રોહી ગુ.ર.નં.૫૧૧૬/૨૦૧૯ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ)(૩),૧૧૬(બી),૮૧ તથા ધી ઈપીકો કલમ ૪૮૫,૪૬૭,૪૭૧,૧૧૪ મુજબના ગુનાના કામે આરોપી ચંદન નારાયણસિંહ જાતે નાગર ઉ.વ.૩૨ રહે.મ.નં.૪૬૫ પોકેટ-૨ પશ્ચિમ પુરી પશ્ચિમ વિહાર વેસ્ટ દિલ્હી હાલ રહે.મ.નં.૧ શિવશકિત શોપીંગ સેન્ટર ઈશ્વરકૃપા ફલેટની સામે હરીપુરા ખોખરા અમદાવાદ શહેરનાનો આજરોજ તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ પોલીસ પેટ્રોલિંગ દરમ્યાન મળી આવેલ હોય જેથી હાલમાં ચાલતા કોરોના વાયરસ મહામારી અનુસંધાને નામદર કોર્ટની ગાઇડલાઇન મુજબ પ્રથમ આરોપીની કોરોના અંગેની સારવાર કરાવવી જરૂરી હોય જેથી પોલીસ દેખરેખ હેઠળ આરોપીની સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના અંગેની સારવાર કરાવવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા ખુબ જ સારી અને પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

પો.સબ.ઈન્સ જે.એસ.ચૌધરી સાહેબ તથા અ.હે.કો.હસમુખભાઈ ભાનુભાઈ બ.નં.૪૧૬૦ તથા અ.પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા અ.પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા અ.પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા અ.પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬



# જુગારના આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :-

### "સોલા પો.સ્ટે. જુગાર રમતા ૩ ઈસમોને મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી."

મે.પો.કમિશ્રી આશીષ ભાટિયા નાઓએ અ.વાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે તા.૧૫.૦૭.૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા તથા સ્ટાફના અહેકો રાજેંદ્રસિંહ જીવતસિહ ,અહેકો મુકેશભાઈ રામાભાઈ, અહેકો જગદીશકુમાર કાંતીલાલ તથા અહેકો શૈલેષભાઈ દેવાભાઈ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મુકેશભાઈ રામાભાઈ તથા અહેકો જગદીશકુમાર કાંતીલાલ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે આરોપી જીત ઉર્ફે બુધો રસીકલાલ પટેલ ના કબ્જા ભોગવટાવાળી જગ્યા સાંયસ સિટી રોડ સુકનમોલ ચાર રસ્તા પાસે આવેલ કાફે અમુલ પાર્લરની ની પાછળની રુમમાં એક રુમમા પંચો સાથે જુગાર અંગેની રેઈડ કરી કુલ્લે ૩ ઈસમોને પૈસા પાનાથી તીન પત્તીનો જુગાર રમતા કુલ્લે રોકડા નાણા ૧૪,૩૭૫/-રુપિયા તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૯૪,૩૭૫/-સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સોલા પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૪૨૦૧૫૮૮/૨૦૨૦ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :** (૧) કેવલ બળવંતભાઈ પટેલ રહેવાસી- ડી/૧૦૨ સાગર સંગીત કોમ્પલેક્ષ કારગીલ પેટ્રોલ પંપ રોડ સોલા (૨) વિપુલ કનુભાઈ પટેલ રહેવાસી- સી/૩૦૨ ઉમીયા લક્ષ્મી એપાર્ટમેંટ બળીયાદેવ મઁદિર સામે સોલા (૩) કમલેશ ચંદુલાલ પટેલ રહે.એ/૩૦૧ અવધ ડ્રીમ લેંડ સાયંસ સીટી સામે સોલા

**વોન્ટેડ આરોપીઓ:** (૧) જીત ઉર્ફે બુધો રસીકલાલ પટેલ રહે. સુર્યોદય સોસાયટી સતાધાર ચાર રસ્તા પાસે (૨) કાર્તીક હરીરામ મહેશ્વરી રહે.કલ્પતરુ એપાર્ટમેંટ નવા વાડજ (૩) રાજુ ઉર્ફે કલર પટેલ રહે.સોલા ગામ (૪) જગ્યાના માલીક નિરવ મહેન્દ્રભાઈ પટેલ

**ગુનાની જગ્યા :** સાંયસ સિટી રોડ સુકનમોલ ચાર રસ્તા પાસે આવેલ કાફે અમુલ પાર્લરની ની પાછળની રુમમાં એક રુમમા

**પકડાયેલ મુદામાલ :** (૧) અંગજડતી તથા દાવના નાણા રુપિયા ૧૪,૩૭૫ /-(૨) મોબાઇલ ફોન નંગ ૩ કિ. રુપિયા ૮,૦૦૦૦/- (૩) ગંજીફાના પાના નંગ ૫૨ કિ.00.00/ (૪) અલગ અલગ રંગના કોઈન નંગ ૧૦૦ કિમંત ૦૦/૦૦ મળી





**વટવા પોલીસ સ્ટેશન :-**

## જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વટવા પોલીસ

મે.અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી નિપૂણા તોરવણે સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપીન અહિરે સાહેબ તથા મ.પો.કમિ. "જે" ડીવીઝન શ્રી આર.બી. રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ આજરોજ રાખવામા આવેલ કોંબિંગ નાઇટ દરમ્યાન પ્રોહી/જુગારના કેસો શોધવા માટે વટવા પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડના અ.પો.કો.ઇમરાનખાન ઇમામખાન તથા અ.પો.કો.અનીશખાન ઇશાકખાન નાઓની ચોક્કસ બાતમી હકિકત આધારે આજરોજ તા.૧૫/૦૭/૨૦૧૯ ના કલાક ૨૦.૧૫ વાગે વટવા સુકુન રો-હાઉસ ની ગલીમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં પૈસા પાનાથી જન્ના મન્નાનો હારજીતનો જુગાર રમતા આરોપી નામે (૧) યાસીન હુસેન સ/ઓ જાફર હુસેન જાતે:મોમીન ઉવ-૪૨ રહે: મ.નં-૨૩ અલ મુતુર્જા હાઉસિંગ તસ્લીમ સામે વટવા અમદાવાદ શહેર + ૦૭ = ૦૮ નાઓને (૧) ગંજીપાના ૧૦૪ નંગ જેની કિ.રૂ.૦૦/- (૨) અંગઝડતીના તથા દાવના નાણાં કુલ્લે રોકડા રૂ.૧૫૦૯૦/- (૩) અલગ અલગ કંપનીના પાંચ મોબાઇલ ફોન કિ.રૂ. ૧૧,૫૦૦/- મળી કુલ્લે રૂ.૨૬,૫૯૦/- ના મુદ્દામાલ સાથે પકડી વટવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.પાર્ટ બી-૦૬૭૭/૨૦૨૦ ધી જુગારા ધારા કલમ ૧૨ મુજબ કાયદેસર કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.તા.૧૫.૦૭.૨૦૨૦



# પાસા આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ એક આરોપી બહેનની પાસામા અટકાયત કરી સુરત લાજપોર મધ્યસ્થ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ આરોપી બહેનનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી **સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ** આરોપી બહેનને શોધી કાઢી પકડી પાડી આરોપી બહેન કૈલાશ ઉર્ફે કાળી વા/ઓ વિજયભાઇ જયસ્વાલ ઉ.વ ૫૨ રહે, નીલગીરીના છાપરા ચંડોળા પાળ ઇસનપુર અમદાવાદ શહેરનાને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા /૪૭૨/૨૦૨૦ તા.૧૪/૦૭/૨૦૨૦ થી સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૧૫/૦૭/૨૦૨૦

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૦ કેસ કરી, ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૧૬૮૫ લીટર દેશી દારૂ, ૪૩૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૩૭ બિયર ટીન, ૧ સ્કૂટર, ૧ રિક્ષા, અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૬૬૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૧/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** બ્રિજેશ દયારામભાઇ પંચાલ (ઉ.વ.૩૪) (રહે. ગાયત્રીનગર સોસાયટી ચાંદલોડીયા તળાવ પાસે) એ તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૬/૨૦૨૦ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે બ્રિજેશ પંચાલના કાકી હર્ષિતા જેંતીભાઇ પંચાલના મોબાઇલ નંબર પર મોબાઈલ નંબર ૮૩૮૯૦૯૩૮૭૯ ઉપરથી ફોન આવતા બ્રિજેશ પંચાલે ફોન પર વાત કરતા તેઓએ જણાવેલ કે આઇડિયા કસ્ટમર કેરમાંથી વાત કરુ છુ તમને પોર્ટેબલીટી કરાવેલ છે જેના વેરીફિકેશન માટે ફોન કરેલ છે પ્રોસેસ માટે ગુગલ પે દ્વારા રૂપિયા એકનુ ટ્રાન્સેક્શન કરવુ પડશે તેમ કહેતા બ્રિજેશ પંચાલે ગુગલ બેંક ટ્રાન્સફરમા તેઓએ આપેલ એકાઉન્ટ નંબર ૩૦૯૦૦૯૦૪૦૨૯૨ માં એક રૂપિયો ટ્રાન્સફર કરેલ અને ત્યારબાદ એક આઈએફએસસી કોડ નખાવ્યો હતો. ત્યારબાદ ગૂગલ પ્લે સ્ટોર માથી Quick support નામની ઓનલાઇન એપ્લીકેશન ઇન્સ્ટોલ કરાવી ઓટીપી મેળવી લઈ બ્રિજેશ પંચાલના એક્સિસ બેંકના ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૩૬,૩૯૯/- ઓનલાઇન ટ્રાંઝેક્શન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.વી.રાઠોડ ચલાવે છે.

**દરિયાપુરઃ** કાજલબહેન દેવેન્દ્રભાઇ નિખારે (ઉ.વ.૨૩) (રહે. મોહન સોનીની ગલી ધતુરા પોળ સામે કડીયા નાકા દરિયાપુર) એ તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ દરિયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૭/૨૦૨૦ કલાક ૧૨/૦૦ થી તા.૧૪/૦૭/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૩૭૪૦૯૯૨૭૦ ના ધારક રાજેન્દ્રભાઇ (રહે. મકરપુરા આર્મિ કેમ્પ વડોદરા) અને મોબાઈલ નંનર ૯૮૧૭૨૧૬૮૬૩ ના ધારક વિકાસ પટેલ (રહે. આર્મિ કેમ્પ ખેડા) એ ભેગા મળી ઓનલાઈન ઓએલએક્સ એપ્લીકેશન ઉપર એક્ટીવા નંબર જીજે ૦૧ યુવાય ૩૮૮૬૬ વેચાણ કિમત રૂપિયા ૨૮,૦૦૦/- મુકતા કાજલબહેન નિખારે એ સંપર્ક કરતા બન્ને ઉપરોક્ત મોબાઈલ નંબર ના ધારકો એ કાજલબહેન નિખારે પાસેથી તેઓના ખાતામાં ટુકડે-ટુકડે રૂપિયા ૪૪,૭૯૯/- ભરાવડાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી ચાવડા ચલાવે છે.

**નવરંગપુરાઃ** પુજાબહેન વા/ઓ રાકેશભાઇ દવે (ઉ.વ.૩૪) (રહે.સુવાસ રેસીડેન્સી સત્યાગ્રહ બંગ્લોઝ સામે ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા (૧) લાલ બંગ્લા પાસે મનમદીર-૧ (૨) નવરંગપુરા ઇન્કમ્ટેક્ષ પાસે મનમંદીર-૨ (૩) નવરંગપુરા બાટાના શો-રૂમ ઉપર આવેલ હોટેલ સેલ્યુટ ખાતે આરોપી (૧) સ્કોલર એલી પ્રા.લિ (૨) સ્કોલર એલી પ્રા.લિ ની સી.ઓ.ઓ પ્રીયંકા ઘેરા (૩) ડાયરકેટર આકાશ બંસલ (૪) નોમીની ડાયરકેટર અભિષેક મીત્ર ગુપ્તા (રહે. પિ/૧૫૦૧ ઓમેક્ષ ટવીન ટાવર સેકટર-૫૦ નોઇડા યુ.પી) (૫) નં-૧ ડાયરકેટર અનુ તલરેજા (રહે. સી/૧૧૩૦૦, વસંતકુંજ દીલ્હી) (૬) નોમીની ડાયરકેટર વિશાલ વી. હર્નાલ (૭) આસી.વાઇસ.પ્રેસીડેન્ટ ઓપરેશન રાહુલ શર્મા (૮) ઓપરેશન હેડ ડાયરકેટર સંદીપ શ્રી વાસ્તવ (૯) નોમીની ડાયરકેટર વાણી કોલા (૯૨/૨-૧૩૬ એ કલોવ્વર ફિલ્ડસ, સેવા ગોરીયા પોલ પોસ્ટ,કાલીયાગ્રામ જીલ્લો ક્રિષ્નુગીરી,તમીલાનાડુ) અને (૧૦) દેવાનંદ ચોબેય કલસ્તર મેનેજર વસ્ત્રાલ અમદાવાદ એ ભેગા મળી પુજાબહેન દવેની કેટરીંગની સેવા બદલ ચુકવવાના કુલ નાણા ૬૬,૪૬,૨૮૭/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.પરમાર ચલાવે છે.

**<u>ત્યજી દીધેલ મૃત ભૃણ મળી આવવા બાબત :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૮૨/૨૦૨૦</u>**

**સરદારનગરઃ** તા.૧૫/૦૭/૨૦૨૦ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે નોબલનગર ખોડીયારનગર વિભાગ-૨ ભગવાન કિરાણા સ્ટોરની લાઇનમા છત ઉપરથી ત્યજી દીધેલ મૃત ભૃણ મળી આવતા સરદારનગર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલિયા ચલાવે છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૮૩/૨૦૨૦</u>**

**વેજલપુરઃ** શબાનાબાનુ વા/ઓફ ઇમરાનખાન પઠાણ (રહે. રોનક પાર્ક એ.પી.એમ.સી.માર્કેટ પાછળ ૧૩૨ ફુટ રીંગ રોડ વેજલપુર) એ તા.૧૫/૦૭/૨૦૨૦ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૦ બપોરના ૪/૩૦ થી સાજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૧,૧૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૩૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૮૪/૨૦૨૦</u>**

**ઘાટલોડીયાઃ** હેતલબહેન વા/ઓ પ્રવિણભાઈ લઢેલ (ઉ.વ.૩૦) (રહે. સંજયનગર ગેટ નંબર-૩ મંગલમુર્તી એપાર્ટમેન્ટની બાજુમા ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૦ કલાક ૮/૦૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ શૈલેશભાઈ દલસંગભાઈ ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટઃ** કૈલાશ સાધુરામ કુકરેજા (ઉ.વ.૨૯) (રહે.૧૯ સી કસ્મિરી ટેર્નામેન્ટ કુબેરનગર બંગલા એરીયા સરદારનગર) એ ઘણા સમયથી પોતાની સગાઈ નહી થતા મનમાં લાગી આવતા તા.૧૫/૦૭/૨૦૨૦ કલાક ૭/૪૫ વાગ્યા પહેલા ઇંદીરાબ્રીજ ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ કાળુભાઇ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** પંકજભાઇ ઉકાભાઇ સિંધવ (ઉ.વ.૪૫) (રહે. ઉદયનગર મથુર માસ્તરની ચાલી પાસે નેશનલ હેંડલુમ પાસે અમરાઇવાડી) એ બીમારી કંટાળી તા.૧૫/૦૭/૨૦૨૦ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ રામસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી